# આસપાસ ચોપાસ

## દરેક મંદિરમા થતી આરતીની ઝાલરોના મધુર રણકાર ભાગોળના વાતાવરણને ખૂબ જ આધ્યાત્મિક બનાવી દે છે







કસુંબાડ ગામમાં વિવિધ વિસ્તારોમાં વિવિધ ધર્મ સંપ્રદાય આશ્રમ સહિત ઘણા બધા ધર્મસંસ્થાઓ અને સ્થળો આવેલા છે. આ દરેક સ્થળોએ પરંપરાગત રીતે ધર્મની પ્રણાલી મુજબ દરેક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. શ્રધ્ધાળુ સમુદાય દ્વારા નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી સહિતના તહેવારો ખુબ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. ગામની ઉગમણા ભાગમાં આવેલ વિવિધ દેવ મંદિર આવેલ છે . જ્યાં ગામના તમામ જ્ઞાતિના લોકો નિયમિત દર્શનાર્થે આવે છે. લોક માન્યતા મુજબ અહીં માંગો તે ઈચ્છા પુરી થાય છે. આ ભાગોળમાં સવાર સાંજ મંદિરોની આરતીના રણકાર મધુર ગીતોથી સૌ માટે આત્મીયતા ખીલી ઉઠે છે. મંદિરમા થતી આરતીની ઝાલરોના રણકાર ભાગોળના વાતાવરણને ખુબ જ આધ્યાત્મિક બનાવી દે છે. ગામની વિશેષ બાબતમાં એકતા અને સમરસતા છે. ગામના દેવસ્થાનોમાં શ્રી મહાદેવજી મંદિર, શ્રી શનિદેવ મંદિર, શ્રી જોગનાથ બાપા મંદિર, શ્રી રામદેવજી મંદિર, શ્રી ભાથીજી મહારાજ મંદિર, શ્રી જલારામ મંદિર, શ્રી સ્વામીનારાયણ મંદિર, શ્રી જોગણી માતાનુ શિખરબંધી મંદિર, શ્રી વહેરાઈ માતાજી, શ્રી ખોડીયાર માતા, શ્રી મેલડી માતા અને શ્રી કાળકા માતા મંદિર છે.



## લોકપ્રતિનિધિઓ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સક્રિયતાથી પોતાની જવાબદારી સંભાળે છે





કસુંબાડ ગામ છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ ના હોવાથી માત્ર સરકારી ગ્રાન્ટની ફાળવણી આધારે જ જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર જ નિર્ભર રહેવું પડે છે. જોકે છેલ્લા દસેક વર્ષથી ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ગામમાં પાણીની સુવિધા માટે વોટર વર્કસ કાર્યરત છે. ગામના લોકો સ્વચ્છતા જાળવવા માટે ખૂબ ધ્યાન આપે છે. ગામની ભાગોળ પાસે વિશાળ ઝાડની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે અચુકપણે આવે છે. ગામમાં લગભગ ત્રણસોથી વધુ ઘર છે. ગામમાં એક નાનું બજાર છે. તેમાં જીવનજરૂરિયાતની બધી વસ્તુઓ મળે છે. ગામમાં વીજળીની અને વૉટરવર્કસની સગવડ છે. પરંતુ ગામના મોટાભાગના લોકોની દિઘદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો કરવામાં આવે છે.

ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે. આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે.

### ગ્રામ પંચાયતના કસુંબાડના જનપ્રતિનિધિઓ

રંજનબેન ભદ્રેશકુમાર ચૌહાણ સરપંચ, દિલીપભાઈ મફતભાઈ રબારી ડે.સરપંચ, સભ્યો ચીમનભાઈ લલ્લુભાઈ હરીજન, મીનાબેન મહેન્દ્રભાઈ ચૌહાણ, ચેતનાબેન ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, રેખાબેન અજયભાઈ ચૌહાણ, બુધાભાઈ જીતસિંહ સોલંકી, મહેશભાઈ ગોકળભાઈ ચૌહાણ, કંચનબેન હિતેશભાઈ ચૌહાણ, સોનલબેન શંભુભાઈ જાદવ, નીતાબેન દિલોજાન ક્રિશ્ચિયન

## કસુંબાડના પશુપાલકો માટે દુધ ઉત્પાદક સહકારી મંડળી આત્મનિર્ભરતા માટેનું મુખ્ય કેન્દ્ર સ્થાન છે



**દિર્ઘદ્રષ્ટા આગેવાનોની પહેલથી વર્ષ 1972માં 15મી મેના રોજ સહકારી ધોરણે દુધ મંડળીની સ્થાપના કરવામાં આવી હતી**

કસુંબાડ ગામની દુધ મંડળી વર્ષ 1972થી પશુપાલકો માટે આર્થિક આત્મનિર્ભરતાનું કેન્દ્ર રહ્યુ છે બોરસદ તાલુકાના કસુંબાડ ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો સ્ત્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ કસુંબાડ દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર-સાંજ બંને સમયે જમા કરાવીને ગામના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે. દુધ મંડળીના સેક્રેટરી રણજીતસિંહ ચૌહાણના જણાવ્યા મુજબ કસુંબાડ દુધ મંડળીની સ્થાપના વર્ષ 1972માં 15મી મેના રોજ કરવામાં આવી હતી. દુધ મંડળીના ચેરમેન જીતેન્દ્રભાઈ મફતભાઈ રબારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સાધારણ સભામાં નક્કી થયા મુજબ દુધ મંડળીના સભાસદોને નિયમાનુસાર બોનસ વિતરણ કરવાનું નક્કી કરવામાં આવે છે. જેની ફાળવણી વ્યવસ્થાપક કમિટી દ્વારા પેટા કાયદા મુજબ કરેલ છે. દુધ ભરનાર તમામ પશુપાલક સભાસદોને આકસ્મિક મરણ સહાયનો રૂપિયા 2 લાખનો વીમા સહાયનો લાભ અમુલના સહયોગથી આપવામાં આવે છે. દુધ મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે. જેમાં ચેરમેન તરીકે જીતેન્દ્રભાઈ રબારી, વાઈસ ચેરમેન તરીકે અરવિંદભાઈ શાહ જવાબદારી સંભાળે છે. જ્યારે વ્યવસ્થાપક કમિટીના સભ્ય તરીકે પુજાભાઈ સોલંકી, રાજેશભાઈ ચૌહાણ, રમણભાઈ જાદવ, અમરસિંધ ચૌહાણ, ધનાભાઈ વણકર, જયેન્દ્રસિંહ ચૌહાણ, મનુભાઈ રાઠોડ અને જશવંતસિંહ ચૌહાણ ચુંટાઈ આવેલ છે.

## એસ.ટી. બસની સુવિધાથી વંચિત ગામમાં મુસાફરી માટે કફોડી સ્થિતિ છે




બોરસદથી માત્ર કિલોમીટરના અંતરે આવેલા કસુંબાડ ગામમાં આજદીન સુધી સરકારી બસની સુવિધા ઉપલબ્ધ થયેલ નથી. ગ્રામજનો દ્વારા એસ.ટી. તંત્ર વિભાગને બસ સુવિધા મળવા માટે વારંવાર રજુઆત કરવામાં આવે છે. છતાં પણ બસ સુવિધા આપવામાં એસ.ટી. તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. તેમ ગ્રામજનો દ્વારા જણાવવામાં આવ્યું છે.એસ.ટી. બસની સુવિધાના અભાવે કસુંબાડ ગામના ગ્રામજનોને સરકારી બસની મુસાફરી હેતુથી નજીકના બસ સ્ટેન્ડ પાસે પહોંચવા માટે પગપાળા અથવા ખાનગી વાહનોમાં જવું પડે છે. જેના કારણે લોકોને વધારાનું આર્થિક બોજ સહન કરવો પડે છે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અપડાઉન માટે પણ બસ સુવિધાની વારંવાર માંગ કરવામાં આવી છે. છતાં પણ એસ.ટી. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને અનુકુળ બસ રૂટ આપવામાં આજદીન સુધી કોઈ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. બસ રૂટની માંગ માટે કસુંબાડના ગ્રામજનો અને વિદ્યાર્થીઓ વાલીઓ દ્વારા બોરસદ એસ.ટી. મથકમા ઘણી બધી વખત રજુઆત કરી માંગ કરવામાં આવી હતી. એસ.ટી. વિભાગે હજુ સુધી બસ સુવિધા શરૂ કરી નથી.

## ગામમાં નાણાંકીય સંસ્થાઓ નહીં હોવાથી ગ્રામજનોને આર્થિક વ્યવહાર માટે મુશ્કેલી

**કસુંબાડ** ગામમાં રાષ્ટ્રીય કૃત બેન્ક નથી જેથી નાણાકીય વ્યવહારો માટે પશુપાલકો ખેડૂતો ગ્રામજનોએ નજીકના ગામોની બેન્કમાં ખાતા ખોલાવેલ છે.તાલુકા મથક બોરસદ ખાતે ચાલતી નાણાંકીય સંસ્થાઓ સાથે અમર્યાદીત લેવડદેવડ કરવામાં આવે છે. આ સંસ્થાઓ ખાતે નવુ ખાતુ ખોલવા અને નાણાં ભરવાની વ્યવસ્થા ગ્રામજનોએ પોતાની અનુકૂળતા કરવામાં આવી છે. જેથી ગામમાં હાલના સમયમાં કોઈ સ્થાનિક કક્ષાએ બેન્ક ન હોવાનો ગ્રામજનોમાં વસવસો છે.



## કસુંબાડ પ્રાથમિક શાળા નવ દાયકાથી શિક્ષણ અને સંસ્કારનું ધામ

### શાળા વ્યવસ્થાપન સમિતિ-પ્રાથમિક શાળા-કસુંબાડ

| | | | |
|---|---|---|---|
| રેખાબેન વિક્રમભાઇ રબારી | અધ્યક્ષ | કંચનબેન હિતેશભાઇ ચૌહાણ | સભ્ય |
| મહેશભાઇ રાવજીભાઇ ચૌહાણ | ઉપાધ્યક્ષ | લતાબેન પ્રદિપભાઇ હરિજન | સભ્ય |
| અરવિંદભાઇ શાંતિલાલ શાહ | શિક્ષણવિદ્ | ચંદ્રિકાબેન પિન્ટુભાઇ સોલંકી | સભ્ય |
| દિલીપભાઇ મફતભાઇ રબારી | PRI સભ્ય | મુકેશભાઇ રાયસંગભાઇ સોલંકી | સભ્ય |
| વિલાસબેન નરેશભાઇ ચૌહાણ | સભ્ય | મીનાબેન સુરેશભાઇ ચૌહાણ | સભ્ય |
| અર્જુનભાઇ મહીજીભાઇ ચૌહાણ | સભ્ય | અશોકભાઇ ચીમનભાઇ સોલંકી | કડિયા સભ્ય |

ધર્મિષ્ઠાબેન રામસિંહ ડાભી, સભ્ય સચિવ, આચાર્ય કસુંબાડ પ્રાથમિક શાળા



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)



કસુંબાડ પ્રાથમિક શાળા એક પાયાની અને ઐતિહાસિક સંસ્થા તરીકે ઉભરી આવેલ છે. આશરે 9 દાયકા કરતાં પણ વધુ સમયથી કાર્યરત આ શાળાએ અનેક પેઢીઓને અક્ષરજ્ઞાન અને જીવનના પાઠ ભણાવ્યા છે.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતી શાળાની સ્થાપના 10-07-1934ના રોજ કરવામાં આવી હતી. આઝાદી પૂર્વેના સમયથી કાર્યરત આ શાળા શિક્ષણ પ્રત્યેના જૂના દ્રષ્ટિકોણ અને આધુનિક પદ્ધતિઓનો સંગમ ધરાવે છે. શાળાનો ડાયસ કોડ 24150303201 છે, જે તેની ઓળખ પ્રસ્થાપિત કરે છે. શાળા વહીવટી રીતે સી.આર.સી. બોદાલ કન્યા જૂથ સંસાધન કેન્દ્ર હેઠળ આવે છે. તેની ભૌગોલિક સ્થિતિ મુજબ સી.આર.સી. કેન્દ્રથી કસુંબાડ પ્રાથમિક શાળા 5 કિ.મી.ના અંતરે આવેલી છે.

તાલુકા મથક બોરસદથી 9 કિ.મી.ના અંતરે સ્થિત છે. કસુંબાડ પ્રાથમિક શાળા 'મિશ્ર' (કુમાર અને કન્યા) પ્રકારની શાળા છે, હાલમાં અહીં ધોરણ 1 થી 8 સુધીનું શિક્ષણ કાર્ય ચાલે છે. શાળામાં ધોરણ 1 અને 2 માં 'પ્રજ્ઞા' વર્ગો ચલાવવામાં આવે છે, જે બાળકોને રમત-ગમત સાથે ભણવાની તક પૂરી પાડે છે. શાળામાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા તેની ગુણવત્તાનો પુરાવો આપે છે. વિદ્યાર્થીઓની કુલ સંખ્યા: 285, કુમાર: 133, કન્યા: 152 છે. શાળાનું શૈક્ષણિક કાર્ય સંભાળવા માટે કુલ 10 શિક્ષકો કાર્યરત છે (૭ પુરૂષ અને ૩ મહિલા શિક્ષકો). આ ઉપરાંત, ૧ ખેલ સહાયક પણ કાર્યરત છે, જે બાળકોના શારીરિક શિક્ષણ અને રમત-ગમત પર ધ્યાન આપે છે. સુંબાડ પ્રાથમિક શાળા હજારો સપનાઓને પાંખો આપનારું કેન્દ્ર છે. 1934થી શરૂ થયેલી આ સફર આજે પણ અવિરત ચાલુ છે, જે ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણનો દીવો પ્રજ્વલિત રાખી રહી છે. પ્રાથમિક શાળા માટે સ્વર્ગસ્થ રણવીર સિંહ નટવરસિંહ ચૌહાણ તથા ગામના મુખી દાદા સ્વર્ગસ્થ જયેન્દ્રસિંહ પ્રતાપસિંહ ચૌહાણના બંને કુટુંબોએ સાથે મળી શાળામાં સ્ટોર રૂમ દાન કરેલ છે. કસુંબાડના વતની હાલ ભરૂચ રજનીભાઈ ગોરધનભાઈ શાહ સહિત ઘણા દાતાઓ તરફથી સમયાંતરે દાનની સરવાણી વહેતી રહે છે



મૂલ્ય નિષ્ઠ અને નવીન અભિગમથી સમર્પણભાવે કાર્ય કરનાર આચાર્ય ધર્મિષ્ઠાબેનને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અવિરત પ્રયત્નો અને સાચું શિક્ષકત્વ નિભાવવા સન્માન કરવામાં આવ્યું છે. શિક્ષકની કામગીરી સંસ્કાર, સંવેદના, શિસ્ત, સર્જનાત્મકતા અને માનવીય મૂલ્યોના સંચાર દ્વારા સમાજને દિશા આપનાર વિચારો, કાર્યશૈલી અને વ્યક્તિત્વ અનેક વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમાજ માટે ને પ્રેરણારૂપ બનેલ છે. આ યશસ્વી કેડી ઉપર યાત્રા આરંભનાર ધર્મિષ્ઠાબેન ડાભીને સારસ્વત સન્માન અપાયું હતું.